જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૧૮ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૯ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨૦ લીટર દેશી દારૂ, ૧૨૮ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૭૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૭૬/૧૮**

**પાલડી :** દિપીકાબેન લક્ષ્મણભાઈ દાંતણીયા (ઉ.વ.૨૫)(રહે,સાંઇબાબા શેરી, પ્રવિણનગર કેન્સર હોસ્પીટલની બાજુમાં વાસણા) એ તા.૦૮/૦૨/૧૮ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૧૭ પહેલાં કોઈપણ સમય દરમ્યાન પાલડી ભઠ્ઠા, નિલકંઠ પ્લાઝામાં ત્રીજા માળે ઓફીસ નં.૩૧૯ માં આવેલ યુનીટી ફાઉન્ડેશન નામની ઓફીસમાં આરોપી (૧) દિપકસિંહ રમેશસિંહ રાજપુત (રહે,શહેરી ગરીબ આવાસ યોજના, ભાઠા ગામ: વાસણા)(૨)ભરત સોની અને (૩)ધર્મેશભાઇ દાતણીયા એ ભેગામળી અગાઉથી કાવતરૂ રચી, લોકોને ગરીબ આવાસ યોજના હેઠળ મકાન આપવાની લાલચ આપી, તમામ લોકો પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપીયા ૩૬,૩૬,૬૨૦/- ઉઘરાવી લઈ, મકાનની ફાળવણી નહી કરી તમામ લોકો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭૭/૧૮**

**ઘાટલોડીયા :** હિમાંશુભાઇ સુરેશભાઇ મોદી (ઉ.વ.૫૩)(રહે,સેકટર-૩, કે.કે.નગર, પાટીદાર ચોકની બાજુમાં, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૨/૧૮ બપોરના ૩/૧૫ થી તા.૦૮/૦૨/૧૮ ના કલાક ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં પાછળની બાજુ આવેલ રસોડા ના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, રસોડાની તીજોરીમાં તથા સ્ટોરરૂમની તીજોરીમાં મુકેલ સોનાના દાગીનાઅને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.ફૈજપુરકર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૭૮/૧૮**

**વાસણા :** નઇન નિસાર એહમદ શેખ (ઉ.વ.૨૪)(રહે,સેહબાજપાર્ક એકતા મેદાન પાસે વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૧૮ ના કલાક ૧/૪૦ વાગ્યાના સુમારે વિશાલા સર્કલ નજીક રોડ ઉપર એક આઈસર ગાડી નંબર જીજે.૦૯.ઝેડ.૨૬૦૪ ના ચાલકે પોતાના કબજાની આઇસર ગાડી પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી નઇનના મિત્ર ફૈઝાન ના એકસેસને ટક્કર મારતા, મિત્ર ફૈઝાન આસીફખાન શેખ પોતાની એક્સેસ સાથે આઇસર નીચે આવી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુઆ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**દાણીલીમડા :** હિમાંશુ સોમાભાઇ લેઉવા (ઉ.વ.૨૧)(રહે,ગુજરાત હાઉસિંગ બોર્ડ ખોખરા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નારોલ થી ચંડોળા તરફના રોડ ઉપર કાશીરામ ફેક્ટરીની સામે રોડ ઉપર હિમાંશુભાઇના પિતા સોમાભાઇ ગફુરભાઇ લેઉવા સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલનો ચાલક( જેના નામ કે વાહન નંબરની ખબર નથી તે) પોતાના કબજાની મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી, સોમાભાઇની સાયકલને ટક્કર મારતાં, સોમાભાઇને શરીરે માથામાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.જે.કુરેશી ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૨૭૯/૧૮**

**કૃષ્ણનગર :** દિપુભાઇ યતરામભાઇ કોરી (ઉ.વ.૨૪)(રહે,અંબે માતાના મંદિર પાછળ, પા.ટા.શિપ નવા નરોડા)એ કોઇ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૧૮ સાંજના ૭/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશાલસિંહ બાલુસિંહ ચલાવે છે.

**અમરાઇવાડી :** શિવાજી ડુમન મેશ્રાત(ઉ.વ.૪૨)(રહે,ઓમનગર, જ્યોતિ સ્કુલની પાછળ અમરાઇવાડી) એ એકલવાયા જીવન અને બેકારી થી કંટાળી જઇ તા.૦૮/૦૨/૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.